## ભાગ – અ

## કુલ પ્રશ્નો : 90 કુલ ગુણ 90

---

1) પિતા અને પુત્રની હાલની ઉંમરનો ગુણોત્તર 7:3 છે. 6 વર્ષ પછી ગુણોત્તર 2:1 થશે. પિતાની હાલની ઉંમર કેટલી?

A) 35 B) 42
C) 49 D) 56
E) Question not attempted

2) માતાની ઉંમર પુત્રી કરતાં 24 વર્ષ વધુ છે. 4 વર્ષ પહેલાં માતા પુત્રી કરતાં 3 ગણી હતી. પુત્રીની હાલની ઉંમર કેટલી?

A) 10 B) 12
C) 14 D) 16
E) Question not attempted

3) A, B કરતાં 8 વર્ષ મોટો છે. B, C કરતાં 5 વર્ષ નાનો છે. ત્રણેયની ઉંમરનો સરવાળો 67 છે. C ની ઉંમર કેટલી?

A) 20 B) 22
C) 24 D) 26
E) Question not attempted

4) બે ભાઈઓની ઉંમરનો તફાવત 6 વર્ષ છે. 3 વર્ષ પહેલાં તેમની ઉંમરનો ગુણોત્તર 5:3 હતો. મોટા ભાઈની હાલની ઉંમર કેટલી?

A) 21 B) 23
C) 27 D) 30
E) Question not attempted

5) A અને B ની હાલની ઉંમરનો સરવાળો 44 છે. 4 વર્ષ પહેલાં A:B = 3:2. B ની હાલની ઉંમર કેટલી?

A) 16 B) 18
C) 20 D) 22
E) Question not attempted

6) 100 વિદ્યાર્થીઓમાંથી 55 ગણિત, 48 વિજ્ઞાન અને 20 બંને લે છે. કોઈપણ નહીં કેટલા?

A) 17 B) 20
C) 25 D) 30
E) Question not attempted

7) 80 વિદ્યાર્થીઓમાં 40 ક્રિકેટ, 32 ફૂટબોલ, 18 બંને રમે છે. માત્ર ફૂટબોલ કેટલા?

A) 12 B) 14
C) 16 D) 18
E) Question not attempted

8) 120 લોકોમાંથી 75 ચા, 65 કૉફી, 30 બંને પીવે છે. માત્ર ચા કેટલા?

A) 35 B) 40
C) 45 D) 50
E) Question not attempted

9) 60 વિદ્યાર્થીઓમાં 28 ગુજરાતી, 24 હિન્દી, 12 બંને જાણે છે. કોઈપણ નહીં કેટલા?

A) 18 B) 20
C) 22 D) 24
E) Question not attempted

10) એક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા તમામ બાળકોમાં રાધા ઉપરથી 16મા ક્રમે અને નીચેથી 29માં ક્રમે છે. 6 બાળકોએ પરીક્ષા આપી નહિ અને 5 બાળકો પરીક્ષામાં નાપાસ થયા, તો વર્ગમાં કુલ કેટલા બાળકો હશે?

A) 44 B) 50
C) 55 D) 40
E) Question not attempted

11) કોઈ સાંકેતિક ભાષામાં 423નો અર્થ 'મને રમકડું આપો ' તેમ થાય છે. 832નો અર્થ 'સારું રમકડું આપો' તેવો થાય છે, જયારે 643નો અર્થ 'મને પાણી આપો ' તેવો થાય છે.તો નીચે પૈકી કયો અંક 'સારું' માટે ઉપયોગમાં લેવાયો છે.

A) 4 B ) 6
C) 7 D) 8
E) Question not attempted

12) વ્યક્તિ A પોતાના પ્રારંભિક સ્થળથી ઉત્તર દિશામાં 3 કિલોમીટર દૂર જાય છે, ત્યાંથી તે જમણી બાજુ વળીને 4 કિલોમીટર દૂર જાય છે. તો તે વ્યક્તિ પોતાના શરૂઆતના સ્થાનથી કઈ દિશામાં અને કેટલો દૂર હશે?

A) પૂર્વ દિશામાં 5 કિલોમીટર
B) ઉત્તર દિશામાં 7 કિલોમીટર
C) પૂર્વોત્તર દિશામાં 5 કિલોમીટર
D) ઉત્તર દિશામાં 5 કિલોમીટર
E) Question not attempted

13) વ્યક્તિ X પોતાના સ્થાનથી દક્ષિણ દિશામાં ચાલવાનું શરુ કરે છે. થોડા દૂર ગયા પછી તે ડાબી બાજુ વળીને ચાલવાનું શરુ કરે છે. થોડું ચાલ્યા બાદ જમણી બાજુ વળે છે અને ચાલવાનું શરુ કરે છે. ફરીથી જમણી બાજુ વળી થોડું ચાલે છે, તો હવે કહો કે વ્યક્તિ X કઈ દિશામાં જઈ રહી છે?

A) દક્ષિણ
B) પશ્ચિમ
C) પૂર્વ
D) ઉત્તર
E) Question not attempted

14) સૂર્યાસ્ત સમયે એક મોટર ચાલક જુએ છે કે સૂર્ય તેની જમણી બાજુએ છે, તો તે કઈ દિશામાં મોટર ચલાવી રહ્યો હશે?

A) દક્ષિણ
B) પશ્ચિમ
C)પૂર્વ
D) ઉત્તર
E) Question not attempted

15) એક છોકરો તેના ઘરે થી 6 કિમી/કલાકની ઝડપે શાળાએ જાય છે અને 4 કિમી/કલાકની ઝડપે પાછો ફરે છે. જો તે કુલ 10 કલાક જેટલો સમય લે તો તેના ઘર અને શાળા વચ્ચેનું અંતર કેટલા કિલોમીટર હશે?

A) 23
B) 28
C) 24
D) 21
E) Question not attempted

16) જો 5 માણસો, એક દિવસના 6 કલાક કામ કરીને 10 ખુરશીઓ 12 દિવસમાં તૈયાર કરી શકે છે, તો એક દિવસના 16 કલાક કામ કરીને 12 માણસો 16 ખુરશીઓ કેટલા દિવસમાં તૈયાર કરી શકે?

A) 1 B) 3

C) 5 D) 10

E) Question not attempted

17) નીચે એક કથન અને બે ધારણા આપવામાં આવ્યા છે. કથનને સાચું માનીને કથન સાથે કઈ ધારણા સુસંગત છે તે જણાવો

કથન: ગીતા નીતાને કહે છે કે " આવતી કાલે બપોરનાં ભોજન પર મળીશું"

ધારણા: 1. બંનેને બપોરનાં ભોજનનો સમય ખબર છે

ધારણા: 2. બંનેને બપોરનાં ભોજનની જગ્યા પણ ખબર છે

A) ધારણા-1 કથનને સુસંગત છે

B) ધારણા-2 કથનને સુસંગત છે

C) બંનેમાંથી એક પણ ધારણા કથનને સુસંગત નથી

D) ધારણા 1 અને 2 બંને સુસંગત છે.

E) Question not attempted

18) નીચે એક કથન અને બે તારણ આપવામાં આવ્યા છે, કથનને સાચું માનીને કથન સાથે કયું તારણ સુસંગત છે તે જણાવો

કથન: વર્ગમાની તમામ છોકરીઓ મહેનતુ છે.

તારણ: 1. વર્ગમાં એક પણ છોકરો નથી

તારણ: 2. વર્ગમાં છોકરા મંદ બુદ્ધિના છે

A) તારણ-1 કથનને સુસંગત છે B) તારણ-2 કથનને સુસંગત છે

C) બંનેમાંથી એક પણ તારણ કથનને સુસંગત નથી D) તારણ-1,2 કથનને સુસંગત છે.

E) Question not attempted

19) નીચે એક કથન અને બે કાર્યવાહી આપવામાં આવી છે, કથનને સાચું માનીને કઈ કાર્યવાહી તર્કસંગત રીતે કથનને સુસંગત છે તે જણાવો.

કથન: શહેરમાં હવાના પ્રદૂષણનું પ્રમાણ દિવસે દિવસે વધતું જોવા મળ્યું છે.

કાર્યવાહી:1 જે લોકો ખાનગી વાહનોનો સમૂહમાં મળીને ઉપયોગ કરે છે તેને નગરપાલિકાએ પ્રોત્સાહન આપવું જોઈએ

કાર્યવાહી:2 નગરપાલિકાએ વ્યક્તિગત ખાનગી વાહનના ઉપયોગ પર ભારે કર નાખવો જોઈએ

A) માત્ર કાર્યવાહી-1 સુસંગત છે

B) માત્ર કાર્યવાહી-2 સુસંગત છે

C) બંનેમાંથી એક પણ કાર્યવાહી સુસંગત નથી

D) કાર્યવાહી-1અને 2 સુસંગત છે.

E) Question not attempted

20) ચાર ઉપકરણો 30 મિનિટ, 60 મિનિટ, 90 મિનિટ અને 1 કલાક 45 મિનિટ (અર્થાત્ 105 મિનિટ) પછી બીપ કરે છે. બધા 12 વાગ્યે સાથે બીપ થયા હતા- હવે ફરી ક્યારે સાથે બીપ કરશે?

A) 10:00 AM
B) 10:30 AM
C) 09:00 AM
D) 12:00 AM
E) Question not attempted

21) ત્રણ ભાગીદાર A, B અને C વ્યવસાયમાં અનુક્રમે ₹1600, ₹1800 અને ₹2300 મૂડી રોકે છે. કુલ નફો ₹1938 હોય, તો A, B અને C નો હિસ્સો કેટલો આવશે?

વિકલ્પો:

A) 600, 438, 800
B) 542, 611, 785
C) 544, 612, 782
D) 545, 610, 783
E) Question not attempted

22) 1 નું 50% નો 50% કેટલું થશે?

વિકલ્પો:

A) 0.50
B) 0.25
C) 0.55
D) 1.00
E) Question not attempted

23) પ્રમાણમાં x શોધો:

5 : 15 :: 8 : x

વિકલ્પો:

A) 24
B) 32
C) 16
D) 15
E) Question not attempted

24) જો A : B = 3 : 4, B : C = 8 : 10, C : D = 15 : 17 તો A : B : C : D શોધો.

વિકલ્પો:

A) 17 : 12 : 9 : 15
B) 3 : 10 : 15 : 17
C) 9 : 12 : 15 : 17
D) 12 : 10 : 9 : 15
E) Question not attempted

25) $(729)^5$ ના એકમ સ્થાન (unit place) પર કયો અંક આવશે?

વિકલ્પો:

A) 5
B) 9
C) 1
D) 7
E) Question not attempted

26) 1 + 2 + 3 + 4 + … + 50 = ?

વિકલ્પો:

A) 2550
B) 1650
C) 1785
D) 1275
E) Question not attempted

27) 1.5 + 32.5 + 23.9 = ?

વિકલ્પો:

A) 56.19
B) 57.19
C) 57.9
D) 56.9
E) Question not attempted

28) 22 + 32 + 42 + 52 = ?

વિકલ્પો:

A) 48
B) 54
C) 56
D) 58
E) Question not attempted

29) 24, 60, 84 અને 108 નો HCF (મહત્તમ સમાપવર્તક) શોધો

વિકલ્પો:

A) 108
B) 12
C) 24
D) 6
E) Question not attempted

30) $\frac{1}{2}+\frac{2}{3}+\frac{3}{4}=?$

વિકલ્પો:

$A)\ \frac{6}{9}$
B) $1\frac{11}{12}$
$C)\ 1\frac{6}{9}$
$D)\ \frac{11}{12}$
E) Question not attempted

31) $9\frac{4}{9}\ \div\ 11\frac{1}{3}\ =?$

વિકલ્પો:

$A)\ \frac{5}{6}$
$B)\ \frac{34}{85}$
$C)\ \frac{5}{8}$
$D)\ \frac{5}{9}$
E) Question not attempted

32) $0.132 \times 500 = ?$

વિકલ્પો:

A) 132
B) 1.32
C) 6.60
D) 66
E) Question not attempted

33) Simplify $\sqrt{75} + \sqrt{48}$ .

વિકલ્પો:

A) $5\sqrt{48}$
B) $9\sqrt{48}$
C) $5\sqrt{3}$
D) $9\sqrt{3}$
E) Question not attempted

34) જો, $2x^2 + 9x = 5$ તો x નો સકારાત્મક મૂલ્ય (positive value) શોધો.

વિકલ્પો:

A) 5
B) 0.5
C) 25
D) 2.5
E) Question not attempted

35) જો A નો પગાર B કરતા 25% વધુ હોય, તો B નો પગાર A કરતા કેટલા ટકા ઓછો છે?

વિકલ્પો:

A) 25%
B) 80%
C) 20%
D) 75%
E) Question not attempted

36) 11 પરિણામોનું સરેરાશ 30 છે.પ્રથમ 5 પરિણામોનું સરેરાશ 25 છે અને છેલ્લાં 5નું સરેરાશ 28 છે.તો 6મું પરિણામ કેટલું હશે?

વિકલ્પો:

A) 50
B) 65
C) 60
D) 65
E) Question not attempted

37) એક માણસની ઉંમર તેના દીકરાની ઉંમર કરતાં 4 ગણું છે.5 વર્ષ પહેલા, માણસ તેની દીકરાની તે સમયેની ઉંમર કરતાં 9 ગણો હતો. તો માણસની હાલની ઉંમર કેટલી?

વિકલ્પો:

A) 32
B) 42
C) 58
D) 52
E) Question not attempted

38) પિતા અને પુત્રની ઉંમરનો અનુપાત 4 : 1 છે. તેમની ઉંમરનો ગુણાકાર 196 છે. તો 5 વર્ષ પછી તેમની ઉંમરનો અનુપાત કેટલો થશે?

વિકલ્પો:

A) 5 : 2
B) 9 : 5
C) 11 : 4
D) 11 : 5
E) Question not attempted

39) એક અપ્રમાણિક વેપારી કહે છે કે તે વસ્તુઓ cost price પર વેચે છે, પરંતુ તે 1 કિલો બદલે 950 ગ્રામ વજનનો ઉપયોગ કરે છે. તો તેનો નફો કેટલા ટકા છે?

વિકલ્પો:

A) 5.00%
B) 4.95%
C) 4.48%
D) 5.26%
E) Question not attempted

40) એક વેપારી પોતાની વસ્તુઓ Cost Price કરતાં 25% વધારે ભાવે માર્ક કરે છે અને માર્ક થયેલ ભાવ પર 4% ડિસ્કાઉન્ટ આપે છે. તો તેનો નફો કેટલા ટકા છે?

વિકલ્પો:


A) 21%
B) 20%
C) 20.5%
D) 21.5%
E) Question not attempted

41) એક માણસે ઘોડો 7% નુકસાનમાં વેચ્યો. જો તે 9% નફામાં વેચ્યો હોત, તો તેને હાલ જે ભાવ મળ્યો છે તેના કરતાં ₹640 વધારે મળ્યા હોત. તો ઘોડાની Cost Price કેટલી?

વિકલ્પો:

A) 6400
B) 5000
C) 5400
D) 4000
E) Question not attempted

પ્રશ્ન 42 થી 46 માટે નીચે આપેલ ગ્રાફને ધ્યાનપૂર્વક વાંચો અને તેના આધાર પર પ્રશ્નોના જવાબ આપો. આ ગ્રાફમાં એક શાળાના વિદ્યાર્થીઓના પરિણામો દર્શાવવામાં આવ્યા છે.




42) પાસ થયેલા અને નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યાનો તફાવત કયા વર્ષે સૌથી ઓછો છે?

વિકલ્પો:

A) 1991-92
B) 1992-93
C) 1993-94
D) 1994-95
E) Question not attempted

43) નાપાસ (Failed) થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલા વખત સમાન (same) છે?

વિકલ્પો:

A) 1
B) 2
C) 3
D) 4
E) Question not attempted

44) 1993-94 વર્ષમાં કુલ વિદ્યાર્થીઓમાંથી નાપાસ (Fail) થયેલા વિદ્યાર્થીઓનું અંદાજિત ટકા કેટલું છે?

વિકલ્પો:

A) 25%
B) 27%
C) 14%
D) 16%
E) Question not attempted

45) 1994-95 અને 1995-96 વર્ષમાં પાસ થયેલા વિદ્યાર્થીઓનો અનુપાત શું છે?

વિકલ્પો:

A) 15 : 16
B) 5 : 6
C) 16 : 15
D) 6 : 5
E) Question not attempted

46) છેલ્લા 5 વર્ષોમાં શાળામાં નાપાસ (Failed) થયેલા વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા કેટલી છે?

વિકલ્પો:

A) 80
B) 90
C) 100
D) 120
E) Question not attempted

47) આ આપેલ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવો અને સાચો વિકલ્પ પસંદ કરો:

i. Paper (કાગળ)

ii. Seed (બીજ)

iii. Wood (લાકડું)

iv. Plant (છોડ)

v. Pulp (લાળ/લગદી)

vi. Notebook (નોટબુક)

A) vi, v, iv, iii, ii, i
B) ii, iv, iii, v, i, vi
C) v, ii, iv, i, vi, iii

D) ii, iv, v, i, iii, vi
E) Question not attempted

48) આ આપેલ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવો:

i. Paragraph (અનુચ્છેદ)

ii. Sentence (વાક્ય)

iii. Letter (અક્ષર)

iv. Words (શબ્દો)

v. Chapter (અધ્યાય)

A) ii, iv, iii, i, v
B) ii, iii, iv, v, i
C) iii, iv, ii, i, v
D) v, iv, ii, iii, i
E) Question not attempted

પ્રશ્ન 49 થી 51 માટે નીચે આપેલ માહિતીનો સંદર્ભ લો અને તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.
અમદાવાદ–નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસમાં મુસાફરી કરતા મુસાફરોમાંથી 5% મુસાફરોને કોફી, ચા અને આઈસ્ક્રીમમાંથી કોઈપણ પસંદ નથી. જ્યારે 10% મુસાફરોને ત્રણેય (કોફી, ચા અને આઈસ્ક્રીમ) પસંદ છે. 20% મુસાફરોને કોફી અને ચા બંને પસંદ છે, 25% મુસાફરોને આઈસ્ક્રીમ અને કોફી બંને પસંદ છે, અને 25% મુસાફરોને આઈસ્ક્રીમ અને ચા બંને પસંદ છે. 55% મુસાફરોને કોફી પસંદ છે, 50% મુસાફરોને ચા પસંદ છે અને 50% મુસાફરોને આઈસ્ક્રીમ પસંદ છે.

49) જો કુલ મુસાફરોની સંખ્યા 180 હોય, તો માત્ર Coffee પસંદ કરનારા મુસાફરો કેટલા?

વિકલ્પો:

A) 18
B) 36
C) 54
D) 20
E) Question not attempted

50) Tea અને Ice-cream બંને પસંદ કરે છે પરંતુ Coffee પસંદ નથી કરતા — તેમનો ટકા કેટલો?

વિકલ્પો:

A) 15%
B) 5%

C) 10%
D) 25%
E) Question not attempted

51) જો કુલ મુસાફરો 180 હોય, તો માત્ર Ice-cream પસંદ કરનારા મુસાફરો કેટલા?

વિકલ્પો:

A) 10
B) 18
C) 27
D) 36
E) Question not attempted

પ્રશ્ન 52 થી 55 માટે નીચે આપેલી માહિતી ધ્યાનપૂર્વક વાંચો અને તેના આધાર પર પ્રશ્નોના જવાબ આપો. આ માહિતી એક ચોક્કસ કોડ ભાષામાં આપવામાં આવી છે:

"Never talk between others" ને "fi sm nt ro" તરીકે કોડ કરવામાં આવ્યું છે.

"Others should be helpful" ને "ro ac el jq" તરીકે કોડ કરવામાં આવ્યું છે.

"Never be time specific" ને "fi el pa dg" તરીકે કોડ કરવામાં આવ્યું છે.

"Focus between specific hours" ને "hy nt dg ks" તરીકે કોડ કરવામાં આવ્યું છે.

52) આ આપેલ કોડ ભાષામાં "Never together" નો કોડ શું હશે?

વિકલ્પો:

A) nt ro
B) ro fi
C) fi uy
D) jq nt
E) Question not attempted

53) આ આપેલ કોડ ભાષામાં "specific" શબ્દનો કોડ શું છે?

વિકલ્પો:

A) dg
B) ac
C) jq
D) fi
E) Question not attempted

54) આ આપેલ કોડ ભાષામાં "Others" નો કોડ શું છે?

વિકલ્પો:

A) sm
B) ro
C) el
D) pa
E) Question not attempted

55) "el" કોડ કયા શબ્દ માટે છે?

વિકલ્પો:

A) never
B) time
C) focus
D) be
E) Question not attempted

56) College : Dean : : Museum : ?
વિકલ્પો:

A) Curator
B) Warden
C) Custodian
D) Supervisor
E) Question not attempted

57) નીચે આપેલને વધતા ક્રમમાં ગોઠવો (Ascending Order):

(1) બાઇટ (Byte)

(2) બિટ (Bit)

(3) ગીગાબાઇટ (Gigabyte)

(4) કિલોબાઇટ (Kilobyte)

(5) મેગાબાઇટ (Megabyte)

વિકલ્પો:

A) 2, 1, 3, 4, 5
B) 2, 1, 4, 5, 3
C) 2, 1, 5, 3, 4
D) 5, 3, 2, 1, 4
E) Question not attempted

58) ઉપ રાષ્ટ્રપતિ કોને રાજીનામું આપે છે?

વિકલ્પો:

A) PM
B) President
C) Supreme Court
D) Lok Sabha Speaker
E) Question not attempted

59) ભારત કઈ પ્રણાલી અનુસરે છે?

વિકલ્પો:

A) Presidential
B) Parliamentary
C) Monarchy
D) Federal Presidential
E) Question not attempted

60) ભારતનું સર્વોચ્ચ ન્યાયાલય કયું છે?

વિકલ્પો:

A) High Court
B) Supreme Court
C) District Court
D) Tribunal
E) Question not attempted

61) ચૂંટણી પંચ કયા પ્રકારની સંસ્થા છે?

વિકલ્પો:

A) Statutory
B) Constitutional
C) Private
D) Advisory
E) Question not attempted

62) CAG નું સંપૂર્ણ નામ શું છે?

વિકલ્પો:

A) Chief Audit General
B) Comptroller and Auditor General
C) Central Audit Group
D) Controller Audit Government
E) Question not attempted

63) AI માં "ChatGPT" કઈ કંપની દ્વારા બનાવાયું?

વિકલ્પો:

A) Google
B) Microsoft
C) OpenAI
D) Meta
E) Question not attempted

64) ભારત રત્ન 2024માં કોને મળ્યો?

વિકલ્પો:

A) L.K. Advani
B) Sachin Tendulkar
C) Amitabh Bachchan
D) None of above
E) Question not attempted

65) ગુજરાતમાં GIFT City કયા ક્ષેત્ર માટે જાણીતું છે?

વિકલ્પો:

A) Agriculture
B) Finance & IT
C) Tourism
D) Education
E) Question not attempted

66) NATO માં કુલ કેટલા દેશ છે (2024)?

વિકલ્પો:

A) 28
B) 30
C) 32
D) 35
E) Question not attempted

67) WHO નું મુખ્ય કાર્ય શું છે?

વિકલ્પો:

A) વેપાર

B) આરોગ્ય

C) શિક્ષણ

D) ખેતી

E) Question not attempted

68) ભારતે "Digital India" કાર્યક્રમ ક્યારે શરૂ કર્યો?

વિકલ્પો:

A) 2012
B) 2014
C) 2015
D) 2016
E) Question not attempted

69) ભારતને "Semiconductor Mission" કયા ક્ષેત્રના વિકાસ માટે શરૂ કરવામાં આવ્યું?

વિકલ્પો:

A) કૃષિ

B) ચિપ અને ઇલેક્ટ્રોનિક્સ

C) શિક્ષણ

D) સ્પેસ

E) Question not attempted

70) રાજ્યપાલની નિમણૂક કોણ કરે છે?

વિકલ્પો:

A) મુખ્યમંત્રી

B) વડાપ્રધાન

C) રાષ્ટ્રપતિ

D) મુખ્ય ન્યાયાધીશ

E) Question not attempted

71) રાજ્યપાલ કઈ પ્રકારની સરકારનો ભાગ છે?

વિકલ્પો:

A) કેન્દ્ર સરકાર

B) રાજ્ય સરકાર

C) ન્યાયતંત્ર

D) સ્વાયત્ત સંસ્થા

E) Question not attempted

72) નિવેદન: “બધા શિક્ષકો મહેનતુ છે.”

અનુમાન: “કેટલાક મહેનતુ લોકો શિક્ષક છે.”

A) માત્ર અનુમાન સાચું છે

B) નિવેદન ખોટું છે

C) બંને સાચા છે

D) કોઈપણ અનુમાન યોગ્ય નથી

E) Question not attempted

73) નિવેદન: “કેટલાક મોબાઈલ મોંઘા છે.”

અનુમાન: “બધા મોબાઈલ મોંઘા છે.”

A) અનુમાન સાચું

B) અનુમાન ખોટું

C) બંને સાચા

D) નક્કી નથી

E) Question not attempted

74) નિવેદન: “કોઈ વિદ્યાર્થી ગેરહાજર નથી.”

અનુમાન: “બધા હાજર છે.”

A) બંને સાચા

B) બંને ખોટા

C) માત્ર અનુમાન સાચું

D) નક્કી નથી

E) Question not attempted

75) Statement:
All urban schools have smart classrooms. Some smart classrooms use AI tools.
Conclusion:
Some urban schools may use AI tools.
All smart classrooms are in urban schools.
A) Only 1 follows
B) Only 2 follows

C) Both follow
D) Neither follows
E) Question not attempted

76) Statement:
Some books are digital. All digital content is stored online.
Conclusion:
Some books are stored online.
All books are stored online.
A) Only 1 follows
B) Only 2 follows
C) Both follow
D) Neither follows
E) Question not attempted

77) Statement:
All teachers are educated. Some educated people are writers.
Conclusion:
Some teachers may be writers.
All writers are teachers.
A) Only 1 follows
B) Only 2 follows
C) Both follow
D) Neither follows
E) Question not attempted

78) Statement:
No students are lazy. All hardworking people are students.
Conclusion:
All students are hardworking.
Some hardworking people are students.
A) Only 1 follows
B) Only 2 follows
C) Both follow
D) Neither follows
E) Question not attempted

79) Statement:
Some buildings are smart. All smart buildings are eco-friendly.
Conclusion:
Some buildings are eco-friendly.
All eco-friendly buildings are smart.
A) Only 1 follows
B) Only 2 follows

C) Both follow
D) Neither follows
E) Question not attempted

80) Statement:
All schools that follow digital learning have improved student performance. Some government schools follow digital learning.
Conclusion:
Some government schools have improved student performance.
All government schools have improved student performance.
A) Only 1 follows
B) Only 2 follows
C) Both follow
D) Neither follows
E) Question not attempted

81) PDF નું પૂર્ણ સ્વરૂપ શું છે?

વિકલ્પો:

A) Portable Document Format (પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ)

B) Portable Document File (પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફાઇલ)

C) Permanent Document Format (પર્માનન્ટ ડોક્યુમેન્ટ ફોર્મેટ)

D) Permanent Document File (પર્માનન્ટ ડોક્યુમેન્ટ ફાઇલ)

E) Question not attempted

82) ઇન્ટરનેટ દ્વારા થતા ગુનાઓને કયો કાયદો નિયંત્રિત/સંરક્ષિત કરે છે?

વિકલ્પો:

A) IT Law
B) Common Law
C) Cyber Law
D) Natural Law
E) Question not attempted

83) "Humane" નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

વિકલ્પો:

A) Reasonable (વિવેકપૂર્ણ)

B) Kind (દયાળુ)

C) Rational (તાર્કિક)

D) Brutal (ક્રૂર)

E) Question not attempted

84) KYC નો સંપૂર્ણ અર્થ શું છે?

વિકલ્પો:

A) Residence proof (રહેઠાણનો પુરાવો)

B) Photo proof (ઓળખનો ફોટો પુરાવો)

C) Both (a) and (b) (બન્ને A અને B)

D) None (કોઈ નહીં)

E) Question not attempted

85) ભારતનું બંધારણ ક્યારે અમલમાં આવ્યું?

વિકલ્પો:

A) 15 ઓગસ્ટ 1947

B) 20 નવેમ્બર 1949

C) 26 જાન્યુઆરી 1950

D) 18 ઓક્ટોબર 1857

E) Question not attempted

86) ભારતના રાષ્ટ્રપતિ પોતાનું રાજીનામું કોને આપે છે?

વિકલ્પો:

A) ભારતના મુખ્ય ન્યાયાધીશ

B) લોકસભાના અધ્યક્ષ

C) ઉપ રાષ્ટ્રપતિ

D) ભારતના વડાપ્રધાન

E) Question not attempted

87) ભારતમાં રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડવા માટે લઘુતમ વય કેટલી હોવી જોઈએ?

વિકલ્પો:

A) 30 વર્ષ

B) 35 વર્ષ

C) 45 વર્ષ

D) 50 વર્ષ

E) Question not attempted

88) નીચેમાંથી કયો અધિકાર ભારતના બંધારણ હેઠળ નાગરિકોને આપવામાં આવેલા મૂળભૂત અધિકારો (Fundamental Rights) માં સામેલ નથી?

વિકલ્પો:

A) સમાનતાનો અધિકાર (Right to Equality)

B) શિક્ષણનો અધિકાર (Right to Education)

C) સંપત્તિનો અધિકાર (Right to Property)

D) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (Right to Freedom of Religion)

E) Question not attempted

89) ભારતીય બંધારણમાં મૂળભૂત ફરજો (Fundamental Duties) કયા અનુચ્છેદમાં જણાવવામાં આવી છે?

વિકલ્પો:

A) અનુચ્છેદ 51A

B) અનુચ્છેદ 151A

C) અનુચ્છેદ 251A

D) અનુચ્છેદ 351A

E) Question not attempted

90) મૂળભૂત હકો કેટલા છે?

વિકલ્પો:

A) 5
B) 6
C) 7
D) 8
E) Question not attempted

## ભાગ – બ

## કુલ પ્રશ્નો : 120 કુલ ગુણ 120

---

1) સમૂહજીવનનો આચાર (આચારની કેળવણી)ના લેખકનું નામ:

(A) બબલભાઈ મહેતા (B) મહાત્મા ગાંધી

(C) કાકાસાહેબ કાલેકકર (D) વિઠ્ઠલદાસ મ. કોઠારી

(E) Question not attempted

2) 'ગાંધી વિચાર પ્રમાણે પોતે ઘડાવું અને સમાજને ઘડવો' એને ________________ પોતાનું જીવનકાર્ય બનાવ્યું.

(A) બબલભાઈ મહેતા (B) સરદાર વલ્લભભાઈ પટેલ

(C) કાકાસાહેબ કાલેકકર (D) વિઠ્ઠલદાસ મ. કોઠારી

(E) Question not attempted

3) પ્રાચીન સમયમાં ધર્મગુરુઓ અને સાધુઓ- સન્યાસીઓ મારફત આચારધર્મનો પ્રચાર થતો, આજના સમયમાં ગ્રામપંચાયતો જેવી જાહેર સંસ્થાઓનું એ ખાસ કામ ગણાય. તેમણે તે બાબતમાં જાગૃતિપૂર્વક કામ કરવું જોઈએ. આ વિધાન કોનું છે ?

(A) બબલભાઈ મહેતા (B) સરદાર વલ્લભભાઈ પટેલ

(C) કાકાસાહેબ કાલેકકર (D) વિઠ્ઠલદાસ મ. કોઠારી

(E) Question not attempted

4) સમૂહપ્રાર્થના, સમૂહસફાઈ, સમૂહકવાયત કે રમતો, પ્રવાસો કે અભ્યાસગૃહો પણ સમૂહજીવન ઘડવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. એમાં જરૂર છે કોઈક દષ્ટિવંત શ્રદ્ધેય માર્ગદર્શકની. આ વાત કોની છે ?

(A) બબલભાઈ મહેતા (B) મહાત્મા ગાંધી

(C) કાકાસાહેબ કાલેકકર (D) વિઠ્ઠલદાસ મ. કોઠારી

(E) Question not attempted

5) વિચારપૂર્વકનો આચાર જ ચિરસ્થાયી બની શકે છે. એટલે વિચારનું મહત્ત્વ તો છે જ પણ આચાર વિનાનો વિચાર શેખચલ્લીના તરંગમાં ખપી જાય છે. એટલે વિચારની પાછળ આચાર આવવો જ જોઈએ. સદાચારમાંથી જ સદાચાર ફેલાય છે. આ ________________ પુસ્તકનું વાકય છે.

(A) સમૂહજીવનનો આચાર
(B) મંગળ પ્રભાત
(C) કેળવણી વડે ક્રાંતિ
(D) સ્વચ્છતા અને સફાઈ
(E) Question not attempted

6) ____________________એ એક વખત મહાદેવભાઈને પણ સૂચના કરી હતી કે કોઈ પરદેશીને મળવા જવું હોય તો વિવેક ખાતર પણ આપણા ચહેરાની હજામત કરીને જવું. ઊતરી ગયેલી કેરી જેવું ગંદુંગોબરું મોઢું કોઈને બતાવવું એ સામા માણસનું અપમાન કરવા બરાબર છે.

(A) બબલભાઈ મહેતા
(B) મહાત્મા ગાંધી
(C) કાકાસાહેબ કાલેકકર
(D) વિઠ્ઠલદાસ મ. કોઠારી
(E) Question not attempted

7) આપણે ત્યાં મહેમાન આવે એને એક મંગલ પ્રસંગ ગણવામાં આવતો. કોઈ સંસ્થામાં વિદ્વાન મહેમાન આવે ત્યારે અનધ્યાય રાખવામાં આવતો. એવું માનવામાં આવતું હતું કે મહેમાન સાથે વિદ્યાર્થીઓ એક દિવસ ગાળશે. એમની કાંઈક પણ સેવા કરશે તો એમાંથી એમને ચાલુ અભ્યાસ કરતાં પણ વિશેષ ભાથું મળી રહેશે. આ બાબતનો નીચેનાં પૈકી શામાં સમાવેશ થાય છે.

(A) મહેમાનગતિ કેમ કરવી
(B) પરદેશી મહેમાનો સાથે
(C) પાડોશી સાથે
(D) પ્રથમ પરિચય
(E) Question not attempted

8) ________________ એટલે ઓટલે બેસીને ચા પીનારા, પાટલે બેસીને એવા પ્રશ્ન ભાતભાતનાં ભોજન જમનારા અને યજમાનોને એના કામકાજમાંથી ફાજલ પાડીને કેવળ ખર્ચના ખાડામાં ઉતારનારા એ ખ્યાલો ભૂંસી નાખવા જેવા છે.

(A) મહેમાન
(B) મિત્ર
(C) પાડોશી
(D) એક પણ નહીં
(E) Question not attempted

9) વિદ્યાર્થીઓમાં શિસ્તનો અભાવ છે, વિદ્યાર્થીઓ અને શિક્ષણ બગડી ગયાં છે, એવી બૂમો પાડવાને બદલે નક્કર કામો કરવામાં આવે તો એનાં સુપરિણામો પણ જોઈ શકાય છે.

(A) ઑનલાઇન શિક્ષણ (B) વિદેશી ભાષા શિક્ષણ

(C) સમૂહપ્રાર્થના, ખેલદિલી, બાળકો અને મોટેરાઓને ઉદ્બોધન (D) બધા સાચા છે

(E) Question not attempted

10) જેમ ઘડામાં પાણી ભરવું હોય તો ઘડાનું મોઢું ઉઘાડું હોવું જોઈએ, એમ બાળકમાં સુસંસ્કારો રેડવા હોય તો શાળા, શિક્ષકો અને શિક્ષણ વિશે એમના મનમાં સદ્ભાવ અને અહોભાવ જન્મવો જોઈએ. તો જ એમના તરફ એનું ચિત્ત અભિમુખ રહી શકે. અભિમુખતા એ કેળવણીનો પાયો છે. આ વાકય કોને લાગુ પડે ?

(A) શિક્ષણસંસ્થાઓ (B) સ્વૈચ્છિક સંસ્થાઓ

(C) ધાર્મિક સંસ્થાઓ (D) એક પણ નહીં

(E) Question not attempted

11) શિક્ષકની ચારિત્ર્ય, જ્ઞાન અને અનુભવની મૂડી મર્યાદિત થઈ ગઈ છે. માબાપ ધનલોલુપ બન્યાં છે. અને એ બધાંની અસર વિદ્યાર્થીઓ પર પડે જ છે. ભાવી પેઢીના હિતની દષ્ટિએ આપણે સૌએ વેળાસર આ બાબત પર જાગ્રત થઈ જવું જોઈએ. આ બાબત શું દર્શાવે છે.

(A) હમાલો અને કુલીઓ (B) આચાર્ય અને શિક્ષકો

(C) શિક્ષક અને વિદ્યાર્થી સંબંધો (D) એક પણ નહીં

(E) Question not attempted

12) ગ્રામ વિદ્યાપીઠની સ્થાપનાનો મુખ્ય હેતુ શું છે?

(A) શહેરોમાં ઉચ્ચ શિક્ષણ આપવુ (B) ગામડાંના વિકાસ માટે શિક્ષણ આપવું

(C) વિદેશી શિક્ષણ પ્રણાલી અમલમાં લાવવી (D) માત્ર વ્યવસાયિક શિક્ષણ આપવું

(E) Question not attempted

13) ગ્રામ વિદ્યાપીઠની શિક્ષણ પ્રણાલી કોના વિચારો પર આધારિત છે?

(A) મહાત્મા ગાંધી (B) રવીન્દ્રનાથ ટાગોર

(C) જવાહરલાલ નેહરુ (D) સુભાષચંદ્ર બોઝ

(E) Question not attempted

14) ગ્રામ વિદ્યાપીઠમાં "નૈતિક શિક્ષણ" નો મુખ્ય ઉદ્દેશ શું છે?

(A) નોકરી મેળવવી
(B) સારા નાગરિક બનાવવું
(C) વિજ્ઞાનનો વિકાસ
(D) સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી
(E) Question not attempted

15) ગ્રામ વિદ્યાપીઠમાં કઈ બાબતને ખાસ મહત્વ આપવામાં આવે છે?

(A) પુસ્તક આધારિત શિક્ષણ
(B) ઑનલાઇન શિક્ષણ
(C) પ્રાયોગિક અને શ્રમ આધારિત શિક્ષણ
(D) વિદેશી ભાષા શિક્ષણ
(E) Question not attempted

16) ગ્રામ વિદ્યાપીઠની શિક્ષણ પ્રણાલી કયા પ્રકારની છે?

(A) માત્ર સિદ્ધાંત આધારિત
(B) પરીક્ષા કેન્દ્રિત
(C) ટેક્નોલોજી આધારિત
(D) જીવનમુખી અને કાર્યમુખી
(E) Question not attempted

17) ગ્રામ વિદ્યાપીઠમાં શિક્ષણ સાથે કઈ પ્રવૃત્તિ જોડાયેલી હોય છે?

(A) કૃષિ અને હસ્તકલા
(B) રમતગમત
(C) માત્ર વાંચન
(D) સંગીત
(E) Question not attempted

18) ગ્રામ વિદ્યાપીઠનું શિક્ષણ કઈ બાબત પર ભાર મૂકે છે?

(A) નગર વિકાસ
(B) સ્વાવલંબન
(C) વૈશ્વિક વેપાર
(D) ઉદ્યોગિકરણ
(E) Question not attempted

19) ગ્રામ વિદ્યાપીઠમાં શિક્ષણનું માધ્યમ શું હોય છે?

(A) અંગ્રેજી
(B) હિન્દી
(C) માતૃભાષા
(D) સંસ્કૃત
(E) Question not attempted

20) ગ્રામ વિદ્યાપીઠની શિક્ષણ પ્રણાલીનો મુખ્ય લાભ શું છે?

(A) શહેરમાં નોકરી
(B) ગામડાનો વિકાસ
(C) વિદેશમાં અભ્યાસ
(D) પરીક્ષામાં ઉચ્ચ ગુણ
(E) Question not attempted

21) ગ્રામ વિદ્યાપીઠમાં "શ્રમની ગૌરવતા" નો અર્થ શું છે?

(A) શ્રમને ટાળવો
(B) શ્રમને માન આપવું
(C) શ્રમને સજા માનવી
(D) શ્રમને અવગણવું
(E) Question not attempted

22) ગ્રામ વિદ્યાપીઠની શિક્ષણ પ્રણાલીનો મુખ્ય આધાર શું છે?

(A) પરીક્ષા
(B) જીવનકૌશલ્ય
(C) ટેક્નોલોજી
(D) વિદેશી અભ્યાસક્રમ
(E) Question not attempted

23) ગ્રામ વિદ્યાપીઠની શિક્ષણ પ્રણાલી કયા પ્રકારના જીવન માટે તૈયાર કરે છે?

(A) વૈભવી જીવન
(B) માત્ર વૈજ્ઞાનિક જીવન
(C) માત્ર શહેર જીવન
(D) સ્વાવલંબી અને સદાચારી જીવન
(E) Question not attempted

24) નઈ તાલીમ અનુસાર છાત્રાલયમાં "જીવન શિક્ષણ" નો મુખ્ય આધાર શું છે?

(A) પાઠ્યપુસ્તક
(B) પરીક્ષા પદ્ધતિ
(C) દૈનિક જીવન પ્રવૃત્તિઓ
(D) ટેક્નોલોજી
(E) Question not attempted

25) નઈ તાલીમમાં છાત્રાલયને "જીવંત પ્રયોગશાળા" કેમ કહેવામાં આવે છે?

(A) જીવન કૌશલ્યનો પ્રયોગ થાય છે
(B) ત્યાં વૈજ્ઞાનિક પ્રયોગ થાય છે
(C) માત્ર અભ્યાસ થાય છે
(D) મનોરંજન થાય છે
(E) Question not attempted

26) છાત્રાલયમાં "સમૂહજીવન" નો મુખ્ય ઉદ્દેશ શું છે?

(A) વ્યક્તિગત લાભ
(B) સામાજિક ગુણોનો વિકાસ
(C) સ્પર્ધા વધારવી
(D) એકલતા
(E) Question not attempted

27) નઈ તાલીમ મુજબ છાત્રાલયમાં શિક્ષણ કઈ રીતે આપવું જોઈએ?

(A) નિયમો દ્વારા
(B) દંડ દ્વારા
(C) અનુભવો અને સહભાગિતાથી
(D) માત્ર વ્યાખ્યાનથી
(E) Question not attempted

28) નઈ તાલીમના સિદ્ધાંતો મુજબ છાત્રાલયમાં "શ્રમ" નો સમાવેશ શા માટે જરૂરી છે?

(A) સમય પસાર કરવા
(B) સ્વાભિમાન અને સ્વાવલંબન માટે
(C) સજા આપવા
(D) રમત માટે
(E) Question not attempted

29) છાત્રાલયમાં "આંતરિક શિસ્ત" કેવી રીતે વિકસે છે?

(A) દંડ દ્વારા
(B) નિયંત્રણથી
(C) નિયમોના ભયથી
(D) સ્વાનુશાસન અને સમજણ દ્વારા
(E) Question not attempted

30) નઈ તાલીમ મુજબ ગૃહપતિ (Warden) નો મુખ્ય કાર્ય શું છે?

(A) નિયમો અમલમાં મૂકવા
(B) જીવન માર્ગદર્શન આપવું
(C) દેખરેખ રાખવી
(D) દંડ આપવો
(E) Question not attempted

31) છાત્રાલયમાં "સહકાર" નો ભાવ કઈ રીતે વિકસે છે?

(A) વ્યક્તિગત કાર્યથી
(B) સમૂહ કાર્ય અને સહજીવનથી
(C) સ્પર્ધાથી
(D) એકલ અભ્યાસથી
(E) Question not attempted

32) નઈ તાલીમ મુજબ છાત્રાલયમાં કઈ બાબત શિક્ષણનો ભાગ ગણાય છે?

(A) માત્ર વર્ગખંડ અભ્યાસ
(B) માત્ર રમતગમત
(C) માત્ર વાંચન
(D) રસોઈ, સફાઈ અને સેવા
(E) Question not attempted

33) નઈ તાલીમની દ્રષ્ટીએ આદર્શ છાત્રાલય કયું ગણાય?

(A) વૈભવી સુવિધાઓવાળું
(B) સ્વાવલંબી અને મૂલ્યઆધારિત જીવન આપતું
(C) માત્ર અભ્યાસ કેન્દ્રિત
(D) મનોરંજન કેન્દ્રિત
(E) Question not attempted

34) છાત્રાલયમાં એક વિદ્યાર્થી હંમેશા એકલો રહે છે અને સમૂહ પ્રવૃત્તિઓમાં ભાગ લેતો નથી. નઈ તાલીમની દ્રષ્ટીએ આ સમસ્યાનો યોગ્ય ઉકેલ શું છે?

(A) તેને એકલો જ રહેવા દેવું
(B) તેને દંડ આપવો
(C) સમૂહ પ્રવૃત્તિમાં જોડાવા પ્રેરિત કરવો
(D) તેને છાત્રાલયમાંથી કાઢી નાખવો
(E) Question not attempted

35) એક છાત્રાલયમાં બધું કામ સ્ટાફ દ્વારા થાય છે, વિદ્યાર્થીઓને કોઈ જવાબદારી આપવામાં આવતી નથી. આ પરિસ્થિતિ નઈ તાલીમના કયા સિદ્ધાંતના વિરોધમાં છે?

(A) સહકાર
(B) સ્વાવલંબન
(C) શિસ્ત
(D) અભ્યાસ
(E) Question not attempted

36) ગૃહપતિ માત્ર નિયમો બનાવે છે અને વિદ્યાર્થીઓ સાથે કોઈ વ્યક્તિગત સંપર્ક રાખતા નથી. આ પરિસ્થિતિમાં શું ખામી છે?

(A) નિયમો ઓછા છે
(B) અભ્યાસ ઓછો છે
(C) શિસ્ત વધુ છે
(D) માર્ગદર્શનનો અભાવ
(E) Question not attempted

37) એક વિદ્યાર્થી પોતાના કામ માટે હંમેશા બીજા પર આધાર રાખે છે. નઈ તાલીમ મુજબ આ સ્થિતિમાં કયો ગુણ વિકસાવવો જરૂરી છે?

(A) સ્પર્ધા
(B) સ્વાવલંબન
(C) મનોરંજન
(D) આરામ
(E) Question not attempted

38) ગૃહપતિ વિદ્યાર્થીઓ સાથે બેસીને તેમની સમસ્યાઓ સાંભળે છે અને માર્ગદર્શન આપે છે. આ કઈ ભૂમિકા દર્શાવે છે?

(A) પ્રશાસક
(B) માર્ગદર્શક
(C) નિયામક
(D) દંડ આપનાર
(E) Question not attempted

39) ગૃહપતિ દ્વારા અપનાવાતી “અદૃશ્ય નિયંત્રણ પદ્ધતિ” નો અર્થ શું છે?

(A) કડક નિયમો લાગુ કરવું
(B) સતત દેખરેખ રાખવી
(C) મૂલ્યો દ્વારા સ્વાનુશાસન વિકસાવવું
(D) દંડ આપવો
(E) Question not attempted

40) ગૃહપતિએ વિદ્યાર્થીની ભૂલ પર તરત દંડ ન આપીને ચર્ચા કરે, તો તે કયા અભિગમને દર્શાવે છે?

(A) નિયંત્રણ અભિગમ (B) શિક્ષણમૂલક અભિગમ

(C) દંડાત્મક અભિગમ (D) નિષ્ક્રિય અભિગમ

(E) Question not attempted

41) પીવાના પાણીની ગુણવત્તા જાળવવા માટે કયો પગલું મહત્વપૂર્ણ છે?

(A) પાણી ઉકાળવું અથવા ફિલ્ટર કરવું (B) માત્ર સંગ્રહ કરવું

(C) ઓછું પાણી વાપરવું (D) પાણી બંધ રાખવું

(E) Question not attempted

42) પાણીના ટાંકા/સ્ટોરેજની નિયમિત સફાઈ ન થાય તો શું અસર થાય?

(A) પાણીની બચત (B) પાણી ઠંડું રહે

(C) પાણીજન્ય રોગો ફેલાય (D) કોઈ અસર નહીં

(E) Question not attempted

43) ગૃહપતિએ પીવાના પાણીની સુવિધા અંગે કઈ વ્યવસ્થા રાખવી જોઈએ?

(A) જરૂર પડે ત્યારે જ પાણી આપવું (B) સતત શુદ્ધ પાણી ઉપલબ્ધ રાખવું

(C) માત્ર સવારે પાણી આપવું (D) પાણી મર્યાદિત આપવું

(E) Question not attempted

44) રૂમમાં યોગ્ય હવાનાં વહન (Ventilation) ન હોય તો કઈ સમસ્યા થાય?

(A) પ્રકાશ વધે (B) શિસ્ત વધે

(C) ખર્ચ ઘટે (D) આરોગ્ય અને એકાગ્રતા પર અસર

(E) Question not attempted

45) પીવાના પાણીની વ્યવસ્થા માટે ગૃહપતિએ કઈ નિયંત્રણ પદ્ધતિ અપનાવવી જોઈએ?

(A) કડક પ્રતિબંધ (B) નિયમિત ચકાસણી અને જાળવણી

(C) અવગણના (D) માત્ર સૂચના આપવી

(E) Question not attempted

46) સંતુલિત આહારનો મુખ્ય હેતુ શું છે?

(A) શરીરને જરૂરી તમામ પોષક તત્વો આપવું (B) માત્ર પેટ ભરવું

(C) સ્વાદ વધારવો (D) ખર્ચ ઘટાડવો

(E) Question not attempted

47) છાત્રાલયમાં ભોજન મેનુ બનાવતી વખતે કઈ બાબત સૌથી અગત્યની છે?

(A) ખર્ચ
(B) સ્વાદ
(C) પોષણ અને વિવિધતા
(D) સરળતા
(E) Question not attempted

48) રસોઈમાં સ્વચ્છતા જાળવવા માટે સૌથી મહત્વપૂર્ણ પગલું કયું છે?

(A) મસાલા વધારવા
(B) હાથ ધોવા અને સ્વચ્છ સાધનો વાપરવા
(C) ઝડપથી કામ કરવું
(D) ખર્ચ ઘટાડવો
(E) Question not attempted

49) રસોડાના કર્મચારીઓ માટે કઈ ટેવ આવશ્યક છે?

(A) ઝડપથી કામ કરવું
(B) વધુ રસોઈ કરવી
(C) ઓછું બોલવું
(D) વ્યક્તિગત સ્વચ્છતા જાળવવી
(E) Question not attempted

50) ગેસ સિલિન્ડર વાપરતી વખતે સૌથી મહત્વપૂર્ણ સલામતી કઈ છે?

(A) લીકેજ ચેક કરવું
(B) સિલિન્ડર ખુલ્લો રાખવો
(C) ગેસ વધુ વાપરવો
(D) નજીકમાં આગ રાખવી
(E) Question not attempted

51) ભોજનાલયની સ્વચ્છતા જાળવવા માટે કઈ પદ્ધતિ અસરકારક છે?

(A) દિવસમાં એકવાર સફાઈ
(B) નિયમિત અને સુવ્યવસ્થિત સફાઈ
(C) માત્ર દેખાવ માટે સફાઈ
(D) જરૂર પડે ત્યારે
(E) Question not attempted

52) પૌષ્ટિક આહારમાં કઈ બાબત જરૂરી છે?

(A) માત્ર કાર્બોહાઇડ્રેટ
(B) માત્ર પ્રોટીન
(C) બધા પોષક તત્વોનું સંતુલન
(D) માત્ર ફેટ
(E) Question not attempted

53) રસોડામાં કાચા અને પકવેલા ખોરાકને અલગ રાખવાનો હેતુ શું છે?

(A) જગ્યા બચાવવી
(B) સ્વાદ જાળવવો
(C) સંક્રમણ અટકાવવું
(D) સરળતા
(E) Question not attempted

54) રસોઈ સાધનોની યોગ્ય જાળવણી કેમ જરૂરી છે?

(A) દેખાવ માટે
(B) સલામતી અને ગુણવત્તા જાળવવા
(C) ખર્ચ વધારવા
(D) સમય પસાર કરવા
(E) Question not attempted

55) ભોજનની ગુણવત્તા ચકાસવા માટે કયો પરિબળ મહત્વપૂર્ણ છે?

(A) માત્ર સ્વાદ
(B) માત્ર માત્રા
(C) રંગ
(D) પોષણ, સ્વચ્છતા અને તાજગી
(E) Question not attempted

56) રસોડામાં "FIFO (First In First Out)" સિદ્ધાંતનો ઉપયોગ શા માટે થાય છે?

(A) વધુ ખોરાક બનાવવો
(B) ખર્ચ વધારવા
(C) જૂના સ્ટોકનો પહેલા ઉપયોગ કરવા
(D) નવા સ્ટોક રાખવા
(E) Question not attempted

57) ભોજનાલયમાં વિદ્યાર્થીઓ માટે કઈ ટેવો વિકસાવવી જોઈએ?

(A) ખોરાક બગાડવો
(B) સ્વચ્છતા અને શિસ્ત રાખવી
(C) ઝડપથી ખાવું
(D) વધુ ખાવું
(E) Question not attempted

58) ગૃહપતિએ રસોડું અને ભોજનાલય સંચાલન માટે કઈ પદ્ધતિ અપનાવવી જોઈએ?

(A) નિયમિત ચકાસણી, માર્ગદર્શન અને સુધારણા
(B) માત્ર દેખરેખ
(C) દંડ
(D) અવગણના
(E) Question not attempted

59) છાત્રાલયમાં કોઈ રોગચાળો ફેલાવાની શરૂઆત થાય ત્યારે ગૃહપતિ માટે સૌથી યોગ્ય પ્રથમ પગલું કયું છે?

(A) તમામ વિદ્યાર્થીઓને દવા આપવી
(B) રોગગ્રસ્ત વિસ્તારને અલગ કરવો અને સ્રોત ઓળખવો
(C) છાત્રાલય બંધ કરવું
(D) દંડ આપવો
(E) Question not attempted

60) "હર્ડ ઈમ્યુનિટી" (સમૂહ રોગપ્રતિકારક શક્તિ) છાત્રાલય સંદર્ભમાં કેવી રીતે લાગુ પડે છે?

(A) વધુ દવા આપવાથી
(B) અલગ રૂમ આપવાથી

(C) કડક નિયમો દ્વારા (D) મોટા ભાગના વિદ્યાર્થીઓ રોગપ્રતિકારક બને ત્યારે

(E) Question not attempted

61) છાત્રાલયમાં સતત પેટના રોગો જોવા મળે છે, તો સૌથી સંભવિત મૂળ કારણ કયું હોઈ શકે?

(A) અભ્યાસનું ભારણ (B) પાણી અને ખોરાકની અશુદ્ધતા

(C) રમતોની અછત (D) ઊંઘનો સમય

(E) Question not attempted

62) ગૃહપતિએ સ્વચ્છતા સુધારવા માટે “Behavioural Change” અભિગમ અપનાવવો હોય તો તેનો અર્થ શું?

(A) દંડ આપવો (B) નિયમો કડક કરવું

(C) આદતો અને વર્તનમાં ફેરફાર કરવો (D) દેખરેખ વધારવી

(E) Question not attempted

63) છાત્રાલયમાં વારંવાર ચામડીના રોગો થાય તો સૌથી સંભાવિત કારણ શું છે?

(A) વ્યક્તિગત સ્વચ્છતા અને ભીડ (B) અભ્યાસ

(C) હવા શુદ્ધતા (D) ભોજન સમય

(E) Question not attempted

64) ગૃહપતિ માટે “Sanitation Chain” તૂટી જાય તેનો અર્થ શું થાય?

(A) પાણી પૂરતું છે (B) સ્વચ્છતા પ્રક્રિયામાં કોઈ એક પગલું નિષ્ફળ જાય

(C) ભોજન સારું છે (D) શિસ્ત સારી છે

(E) Question not attempted

65) છાત્રાલયમાં “preventive maintenance” નો આરોગ્ય સાથે સીધો સંબંધ શું છે?

(A) ખર્ચ ઘટાડવો (B) રોગ થવા પહેલાં પરિસ્થિતિ સુધારવી

(C) દંડ આપવો (D) નિયમો બનાવવું

(E) Question not attempted

66) ગૃહપતિએ આરોગ્ય વ્યવસ્થાપનમાં “Epidemiological approach” અપનાવવાનો અર્થ શું છે?

(A) દવા આપવી (B) દેખરેખ રાખવી

(C) નિયમો બનાવવું (D) રોગના પેટર્ન અને કારણોનું વિશ્લેષણ કરવું

(E) Question not attempted

67) છાત્રાલયમાં "silent spread of infection" સૌથી જોખમી કેમ ગણાય?

(A) લક્ષણો વગર ફેલાય છે
(B) તે ઝડપથી દેખાય છે
(C) તે દવા દ્વારા અટકે છે
(D) તે માત્ર એક વ્યક્તિને થાય છે
(E) Question not attempted

68) છાત્રાલયમાં રમતગમત પ્રવૃત્તિઓમાં ઓછો પ્રતિસાદ મળે તો ગૃહપતિએ સૌપ્રથમ કઈ વ્યૂહરચના અપનાવવી?

A) ફરજિયાત હાજરી રાખવી
B) વિદ્યાર્થીઓની રસ અને અવરોધોનું સર્વેક્ષણ કરવું
C) તમામ પ્રવૃત્તિ બંધ કરવી
D) ફક્ત સ્પર્ધાત્મક રમત રાખવી
(E) Question not attempted

69) "Inclusive Recreation" નો અર્થ શું છે?

A) ફક્ત પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિ
B) ફક્ત છોકરાઓ માટે
C) ફક્ત શારીરિક રીતે મજબૂત માટે
D) તમામ વિદ્યાર્થીઓ માટે સમાન તક અને ભાગીદારી
(E) Question not attempted

70) ગૃહપતિએ મનોરંજન કાર્યક્રમોમાં "Risk Management" માટે કઈ બાબત મહત્વપૂર્ણ છે?

A) ખર્ચ ઘટાડવો
B) સુરક્ષા નિયમો અને ઇમરજન્સી યોજના
C) વધુ લોકો બોલાવવા
D) સમય વધારવો
(E) Question not attempted

71) નીચે પૈકી કયો પરિબળ વિદ્યાર્થીમાં લાંબા ગાળાના રમતગમત પ્રત્યે રસ જાળવી રાખે છે?

A) ફક્ત ઇનામ
B) આંતરિક પ્રેરણા (Intrinsic Motivation)
C) દંડ
D) સ્પર્ધાનો દબાણ
(E) Question not attempted

72) જો ટીમ રમતમાં સતત વિવાદ થાય તો ગૃહપતિએ શું કરવું?

A) રમત બંધ કરવી
B) પક્ષપાત કરવો
C) મધ્યસ્થતા અને નિયમોની સ્પષ્ટતા કરવી
D) વિદ્યાર્થીઓને સજા આપવી
(E) Question not attempted

73) "Leisure Time Management" નો મુખ્ય હેતુ શું છે?

A) સમય વ્યર્થ કરવો
B) સમયને સંતુલિત રીતે ઉપયોગમાં લેવું
C) ફક્ત મનોરંજન કરવું
D) અભ્યાસ ટાળવો
(E) Question not attempted

74) છાત્રાલયમાં સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમોનું આયોજન કરવાથી શું લાભ થાય?
A) માત્ર મજા
B) સામાજિક અને સાંસ્કૃતિક સમજણ વધે
C) સમય બગડે
D) તણાવ વધે
(E) Question not attempted

75) નીચે પૈકી કઈ સ્થિતિમાં ગૃહપતિએ રમતગમત પ્રવૃત્તિ તાત્કાલિક રોકવી જોઈએ?
A) વરસાદ શરૂ થાય
B) વિદ્યાર્થીઓ થાકી જાય
C) સુરક્ષા જોખમ ઉભું થાય
D) સમય પૂરો થાય
(E) Question not attempted

76) "Participatory Leadership" ગૃહપતિ માટે શું સૂચવે છે?
A) બધા નિર્ણય પોતે લેવું
B) વિદ્યાર્થીઓને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવું
C) નિયમો ન બનાવવું
D) જવાબદારી ટાળવી
(E) Question not attempted

77) મનોરંજન કાર્યક્રમોની સફળતા માપવા માટે કયો માપદંડ સૌથી યોગ્ય છે?
A) હાજરી અને પ્રતિસાદ
B) ખર્ચ
C) સમયગાળો
D) ફક્ત ઇનામોની સંખ્યા
(E) Question not attempted

78) જો કેટલાક વિદ્યાર્થીઓ રમતગમતમાં ભાગ લેતા ન હોય તો તેનું મુખ્ય કારણ શું હોઈ શકે?
A) સમય વધુ હોવો
B) ફક્ત આળસ
C) ગૃહપતિનો દોષ
D) રસનો અભાવ અથવા આત્મવિશ્વાસની કમી
(E) Question not attempted

79) "Balanced Recreation Program" માટે કઈ બાબત આવશ્યક છે?
A) ફક્ત ઇન્ડોર ગેમ્સ
B) ફક્ત આઉટડોર ગેમ્સ
C) ઇન્ડોર, આઉટડોર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સંતુલન
D) ફક્ત અભ્યાસ
(E) Question not attempted

80) રમતગમત પ્રવૃત્તિઓનો છાત્રાલયના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ પર મુખ્ય પ્રભાવ કયો છે?

A) માત્ર શારીરિક તાકાત વધે
B) શિસ્ત અને નેતૃત્વ ગુણ વિકસે
C) અભ્યાસમાં રસ ઘટે
D) સમયનો બગાડ થાય
(E) Question not attempted

81) છાત્રાલયમાં 90 વિદ્યાર્થીઓ હાજર છે. દૈનિક કોઠાર ચીઠ્ઠી મુજબ 95 લોકો માટે ખોરાક વપરાયો છે, જ્યારે ભોજન બિલમાં 110 દર્શાવાયું છે. આ સ્થિતિમાં ગૃહપતિએ શ્રેષ્ઠ ક્રમમાં શું કરવું?
A) પહેલા હાજરી → કોઠાર ચીઠ્ઠી → સ્ટોક રજીસ્ટર ક્રોસ-વેરિફાય કરવું
B) સીધું બિલ રદ કરવું
C) રસોઈયાને સસ્પેન્ડ કરવો
D) નવા નિયમો બનાવવો
(E) Question not attempted

82) માતા-પિતાની મુલાકાત રજીસ્ટરમાં ઘણી એન્ટ્રીઓ અધૂરી છે, અને કેટલાક વિદ્યાર્થીઓ બિનઅનુમતિ બહાર ગયા હોવાનું જણાય છે. આ પરિસ્થિતિમાં પ્રથમ corrective action શું?
A) તમામ મુલાકાત બંધ કરવી
B) સુરક્ષા પ્રોટોકોલ કડક બનાવી, રજીસ્ટર ફરજિયાત અને વેરીફિકેશન સિસ્ટમ અમલમાં મૂકવી
C) વિદ્યાર્થીઓને દંડ કરવો
D) ગાર્ડ બદલી દેવો
(E) Question not attempted

83) એક વિદ્યાર્થી વારંવાર શિસ્તભંગ કરે છે, પરંતુ રજીસ્ટરમાં યોગ્ય નોંધ નથી. હવે ગંભીર ઘટના બને છે. ગૃહપતિ માટે સૌથી મોટો જોખમ શું?
A) વિદ્યાર્થીની ભૂલ
B) ફક્ત સજા
C) સમય બગાડ
D) દસ્તાવેજીકરણના અભાવથી વહીવટી જવાબદારી
(E) Question not attempted

84) સ્ટોક રજીસ્ટર નિયમિત અપડેટ થાય છે, પરંતુ દૈનિક કોઠાર ચીઠ્ઠી ગાયબ છે. audit દરમિયાન શું નિષ્કર્ષ આવશે?
A) બધું યોગ્ય છે
B) કોઈ અસર નહીં
C) દૈનિક વપરાશનું ટ્રેસેબિલિટી તૂટે છે
D) ફક્ત નાની ભૂલ
(E) Question not attempted

85) એક મહિનામાં ભોજન ખર્ચ 25% વધે છે, જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યા સ્થિર છે. સૌથી યોગ્ય વિશ્લેષણ શું?

A) બજાર ભાવ વધ્યા B) વપરાશ, વેસ્ટેજ અને સ્ટોક લીકેજની તપાસ કરવી

C) ફી વધારવી D) અવગણવું

(E) Question not attempted

86) હાજરી રજીસ્ટર, ભોજન બિલ અને સ્ટોક રજીસ્ટર — આ ત્રણ વચ્ચે સુસંગતતા કેમ જરૂરી છે?

A) નાણાકીય પારદર્શિતા અને ગેરરીતિ અટકાવવા B) ફક્ત રેકોર્ડ માટે

C) સમય પસાર D) audit માટે જ

(E) Question not attempted

87) એક દિવસ દૈનિક આહાર પ્રમાણ ઓછું રાખવાથી વિદ્યાર્થીઓમાં અસંતોષ ફેલાય છે. ગૃહપતિએ શું શીખવું જોઈએ?

A) ખર્ચ ઓછો કરવો B) પોષણ ધોરણ અને સંતુલન જાળવવું

C) વિદ્યાર્થીઓને અવગણવું D) નિયમ કડક બનાવવો

(E) Question not attempted

88) રજીસ્ટરોમાં વારંવાર overwriting જોવા મળે છે. ગૃહપતિએ શું પગલું લેવું?

A) અવગણવું B) સ્ટાફ બદલવો

C) નવું રજીસ્ટર ખરીદવું D) correction policy (single line cut + sign) અમલમાં મૂકવી

(E) Question not attempted

89) જો કોઈ વિદ્યાર્થીની હાજરી નોંધાય છે પરંતુ તે બહાર અકસ્માતમાં સંડોવાયેલો મળે, તો મુખ્ય સિસ્ટમિક નિષ્ફળતા શું?

A) વિદ્યાર્થીની ભૂલ B) હાજરી અને મોનીટરીંગ સિસ્ટમમાં ખામી

C) ગાર્ડની ભૂલ D) માતા-પિતાની જવાબદારી

(E) Question not attempted

90) શિસ્ત રજીસ્ટર અને નિયમોનું રજીસ્ટર એકબીજાથી કેવી રીતે જોડાયેલા છે?

A) કોઈ સંબંધ નથી

B) અલગ સિસ્ટમ

C) ફક્ત દંડ માટે

D) નિયમો આધાર આપે છે અને શિસ્ત રજીસ્ટર તેનો અમલ દર્શાવે છે

(E) Question not attempted

91) કોઠારપત્રકમાં FIFO (First In First Out) પદ્ધતિ ન અપનાવવાથી શું જોખમ?

A) સમય બચત B) સ્ટોક બગાડ અને ખર્ચ વધારો

C) નોંધ સરળ D) કોઈ અસર નહીં

(E) Question not attempted

92) audit દરમિયાન જો ભોજન બિલ અને સ્ટોક રજીસ્ટર મેળ ખાતા હોય પરંતુ હાજરી રજીસ્ટર અલગ બતાવે, તો શું સંકેત?

A) બધું યોગ્ય B) હાજરી ખોટી

C) ભોજન વપરાશમાં ગેરરીતિ અથવા ખોટી નોંધ D) audit ખોટું

(E) Question not attempted

93) ગૃહપતિએ તમામ રજીસ્ટરોને ડિજિટલાઇઝ કરવાનું નક્કી કર્યું. મુખ્ય લાભ શું?

A) ડેટા ટ્રેકિંગ, પારદર્શિતા અને ઝડપી audit B) ખર્ચ વધે

C) સમય બગાડ D) કોઈ ફેરફાર નહીં

(E) Question not attempted

94) એક દિવસ માટે દૈનિક કોઠાર ચીઠ્ઠી ન ભરાય, પરંતુ સ્ટોક રજીસ્ટર અપડેટ છે. શું સમસ્યા રહેશે?

A) કંઈ નહીં B) audit સરળ

C) દૈનિક વપરાશનો પુરાવો ગુમાશે D) ખર્ચ ઓછો

(E) Question not attempted

95) જો ગૃહપતિ નિયમિત રીતે રજીસ્ટરો ચકાસતા નથી, તો લાંબા ગાળે શું અસર?

A) કોઈ નહીં B) સિસ્ટમિક ગેરવ્યવસ્થા અને વિશ્વાસમાં ઘટાડો

C) સમય બચત D) ખર્ચ ઓછો

(E) Question not attempted

96) વિદ્યાર્થીઓમાં શિસ્ત સુધારવા માટે કઈ પદ્ધતિ વધુ અસરકારક?

A) કઠોર સજા B) ફક્ત ચેતવણી

C) અવગણવું D) દસ્તાવેજીકરણ + કાઉન્સેલિંગ + તબક્કાવાર કાર્યવાહી

(E) Question not attempted

97) છાત્રાલયમાં રાત્રિના સમયે એક વિદ્યાર્થી બિનઅનુમતિ બહાર જાય છે અને હાજરી રજીસ્ટરમાં હાજર બતાવવામાં આવ્યો છે. આ સ્થિતિમાં મુખ્ય સુરક્ષા ખામી કઈ ગણાય?

A) ગેટકીપરની ગેરહાજરી B) હાજરી અને મોનીટરીંગ સિસ્ટમમાં સંકલનનો અભાવ

C) વિદ્યાર્થીની બેદરકારી D) સમય મર્યાદા ઓછી હોવી

(E) Question not attempted

98) માતા-પિતાની મુલાકાત દરમિયાન એક અજાણ વ્યક્તિ વિદ્યાર્થીને મળવા આવે છે અને રજીસ્ટરમાં ખોટી માહિતી નોંધે છે. ગૃહપતિ માટે શ્રેષ્ઠ સુરક્ષા પગલું કયું?

A) મુલાકાત બંધ કરી દેવી B) ગાર્ડ વધારવો

C) ફક્ત સહી લેવડાવવી D) ઓળખ ચકાસણી (ID verification) ફરજિયાત કરવી

(E) Question not attempted

99) છાત્રાલયમાં આગ લાગવાની સંભાવના માટે ગૃહપતિએ કઈ પ્રાથમિક વ્યવસ્થા રાખવી જોઈએ?

A) ફાયર એક્સટિંગ્યુઇશર, ઇમરજન્સી એક્ઝિટ પ્લાન અને ડ્રિલ B) ફક્ત એલાર્મ

C) પાણીની ટાંકી D) સ્ટાફ વધારવો

(E) Question not attempted

100) જો CCTV કેમેરા લગાવેલા હોવા છતાં ગેરરીતિઓ અટકતી નથી, તો મુખ્ય સમસ્યા શું હોઈ શકે?

A) કેમેરાની સંખ્યા ઓછી છે B) મોનીટરીંગ અને રિવ્યુ સિસ્ટમનો અભાવ

C) વિદ્યાર્થીઓ વધારે છે D) કેમેરા મોંઘા છે

(E) Question not attempted

101) રાત્રે એક વિદ્યાર્થી બીમાર પડે છે અને તાત્કાલિક સારવારની જરૂર છે. ગૃહપતિની સુરક્ષા જવાબદારી મુજબ પ્રથમ પગલું શું હોવું જોઈએ?

A) સવાર સુધી રાહ જોવી

B) માતા-પિતાને ફોન કરવો અને રાહ જોવી

C) ઇમરજન્સી મેડિકલ સહાય અને હોસ્પિટલ સંપર્ક

D) દવા આપી સૂવડાવી દેવું (E) Question not attempted

102) છાત્રાલયમાં વ્યક્તિત્વ વિકાસ માટે debate club શરૂ કરાયો છે, પરંતુ તેમાં ફક્ત 10% વિદ્યાર્થી જ ભાગ લે છે. ગૃહપતિ માટે સૌથી અસરકારક સુધારો કયો?

A) debate ફરજિયાત કરવો

B) વિવિધ પ્રવૃત્તિઓ (role-play, group discussion, creative tasks) ઉમેરીને વિવિધ રસ ધરાવતા વિદ્યાર્થીઓને જોડવા

C) ક્લબ બંધ કરવો

D) ફક્ત સર્ટિફિકેટ આપવું

(E) Question not attempted

103) એક વિદ્યાર્થી શૈક્ષણિક રીતે સારો છે પરંતુ આત્મવિશ્વાસમાં ખૂબ નબળો છે. ગૃહપતિએ કઈ development strategy અપનાવવી?

A) તેને અવગણવો

B) ફક્ત કાઉન્સેલિંગ

C) સીધા સ્ટેજ પર મોકલવો

D) નાના જવાબદારીભર્યા રોલ (micro-leadership tasks) આપીને gradual exposure આપવું

(E) Question not attempted

104) વ્યક્તિત્વ વિકાસ પ્રવૃત્તિઓમાં સતત ભાગ લેતા વિદ્યાર્થીઓમાં પણ વર્તનમાં સુધારો દેખાતો નથી. આ શું સૂચવે છે?

A) પ્રવૃત્તિઓ પૂરતી છે B) activity design અને feedback mechanismમાં ખામી

C) વિદ્યાર્થીઓ ખોટા છે D) સમય ઓછો છે

(E) Question not attempted

105) છાત્રાલયમાં leadership opportunities ફક્ત senior વિદ્યાર્થીઓને મળે છે. આનો લાંબા ગાળે શું પ્રભાવ?

A) junior વિદ્યાર્થીઓમાં વિકાસના અવસર ઓછા થાય) B) કોઈ અસર નહીં

C) senior વધુ સારા બને D) શિસ્ત સુધરે

(E) Question not attempted

106) એક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સક્રિય રીતે ભાગ લે છે પરંતુ તેમાંથી કોઈ શીખવાની પ્રક્રિયા દેખાતી નથી. શું કરવું?

A) કાર્યક્રમ બંધ કરવો B) reflection session અને feedback discussion ઉમેરવું

C) વધુ સમય આપવો D) ફક્ત મજા ચાલુ રાખવી

(E) Question not attempted

107) છાત્રાલયમાં એક જ સમયે ત્રણ સમસ્યા છે: (i) ભોજન અંગે ફરિયાદ, (ii) બે જૂથ વચ્ચે ઝઘડો, (iii) હાજરી રજીસ્ટરમાં ગેરસમજ. ગૃહપતિએ પ્રથમ શું કરવું જોઈએ?

A) દરેક સમસ્યા અલગ અલગ અવગણવી

B) ભોજન ફરિયાદ ઉકેલવી

C) સૌથી તાત્કાલિક સુરક્ષા જોખમ (ઝઘડો) ઉકેલવો, પછી સિસ્ટમિક તપાસ શરૂ કરવી

D) હાજરી રજીસ્ટર સુધારવું

(E) Question not attempted

108) એક વિદ્યાર્થી શિસ્તભંગ કરે છે, પરંતુ તપાસમાં જાણવા મળે છે કે રજીસ્ટરમાં નોંધ જ ખોટી રીતે થઈ છે. મુખ્ય સિસ્ટમ ખામી શું?

A) વિદ્યાર્થીની ભૂલ

B) documentation અને verification પ્રક્રિયામાં ખામી

C) શિસ્ત નિયમો ખોટા છે

D) ગૃહપતિની ગેરહાજરી

(E) Question not attempted

109) છાત્રાલયમાં ઇલેક્ટ્રિસિટી વારંવાર બંધ થાય છે અને વિદ્યાર્થીઓ ફરિયાદ કરે છે. ગૃહપતિએ શું કરવું?

A) અવગણવું

B) મેન્ટેનન્સ + backup system + રેકોર્ડિંગ દ્વારા root cause analysis કરવો

C) વિદ્યાર્થીઓને એડજસ્ટ કરવાનું કહેવું

D) ફી વધારવી

(E) Question not attempted

110) એક વિદ્યાર્થી વારંવાર નિયમો તોડે છે, પરંતુ દરેક વખતે અલગ બહાનું આપે છે. ગૃહપતિ માટે યોગ્ય લાંબા ગાળાનો અભિગમ શું?

A) તરત કાઢી મૂકવો

B) ફક્ત ચેતવણી

C) અવગણવું

D) behavioural pattern analysis + counselling + progressive discipline system

(E) Question not attempted

111) ગૃહપતિની કાર્યક્ષમતાનું શ્રેષ્ઠ માપદંડ શું ગણાય?

(A) નિયમોનું કડક પાલન

(B) શાંતિપૂર્ણ વાતાવરણ

(C) વિદ્યાર્થીઓમાં સ્વાનુશાસન અને જવાબદારી

(D) ઓછા પ્રશ્નો

(E) Question not attempted

112) ગૃહપતિ માટે “સંવેદનશીલતા” ક્યારે સૌથી વધુ જરૂરી બને છે?

(A) નિયમો બનાવતી વખતે (B) વિદ્યાર્થીની વ્યક્તિગત સમસ્યાઓ સમજતી વખતે

(C) સમયપત્રક બનાવતી વખતે (D) હાજરી લેતી વખતે

(E) Question not attempted

113) ગૃહપતિએ નિયમો બનાવતી વખતે કઈ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ?

(A) કડકતા (B) વિદ્યાર્થીઓની સહભાગિતા

(C) દંડની વ્યવસ્થા (D) નિયંત્રણ

(E) Question not attempted

114) ગૃહપતિ “સંસ્થા સંસ્કૃતિ” કેવી રીતે વિકસાવે છે?

(A) નિયમો દ્વારા (B) દેખરેખ દ્વારા

(C) દંડ દ્વારા (D) પોતાના વર્તન અને મૂલ્યો દ્વારા

(E) Question not attempted

115) ગૃહપતિ માટે “પ્રતિક્રિયા કરતાં પ્રતિભાવ” (Reaction vs Response) નો અર્થ શું છે?

(A) વિચારપૂર્વક અને સંયમથી જવાબ આપવો (B) તરત નિર્ણય લેવો

(C) દંડ આપવો (D) અવગણના કરવી

(E) Question not attempted

116) ગૃહપતિએ વિદ્યાર્થી વચ્ચેના સંઘર્ષમાં કઈ ભૂમિકા ભજવવી જોઈએ?

(A) ન્યાયાધીશ તરીકે (B) મધ્યસ્થ અને માર્ગદર્શક તરીકે

(C) દંડ આપનાર તરીકે (D) નિષ્ક્રિય દર્શક તરીકે

(E) Question not attempted

117) ગૃહપતિની કાર્યપ્રણાલીનો લાંબા ગાળાનો પ્રભાવ કયો હોય છે?

(A) માત્ર શિસ્ત (B) માત્ર પરિણામ

(C) વ્યક્તિત્વ નિર્માણ (D) માત્ર નિયમો

(E) Question not attempted

118) ગૃહપતિએ સમસ્યા ઉકેલતી વખતે કઈ રીત અપનાવવી જોઈએ?

(A) ચર્ચા અને સમજૂતી દ્વારા ઉકેલ લાવવો (B) એકતરફી નિર્ણય લેવો

(C) તરત જ દંડ આપવો

(D) અવગણના કરવી

(E) Question not attempted

119) ગૃહપતિએ રૂમ ફાળવણી કરતી વખતે કઈ બાબત ધ્યાનમાં લેવી જોઈએ?

(A) મિત્રતા

(B) વ્યક્તિગત પસંદગી

(C) ઉંમર, સ્વભાવ અને અભ્યાસની જરૂરિયાત

(D) માત્ર ખાલી જગ્યા

(E) Question not attempted

120) રૂમ સ્વચ્છતા જાળવવા માટે સૌથી અસરકારક રીત કઈ છે?

(A) સ્ટાફ દ્વારા સફાઈ

(B) વિદ્યાર્થીઓમાં જવાબદારી વહેંચણી

(C) દંડ

(D) નિયમો લગાડવા

(E) Question not attempted

## ભાગ – અ

## કુલ પ્રશ્નો : 90 કુલ ગુણ 90

**જવાબવહી (Answer Key Set B)**

| પ્રશ્ન નં. | સાચો જવાબ | પ્રશ્ન નં. | સાચો જવાબ | પ્રશ્ન નં. | સાચો જવાબ |
|---|---|---|---|---|---|
| 1 | B | 31 | A | 61 | B |
| 2 | D | 32 | D | 62 | B |
| 3 | C | 33 | D | 63 | C |
| 4 | B | 34 | B | 64 | A |
| 5 | C | 35 | C | 65 | B |
| 6 | A | 36 | B | 66 | C |
| 7 | B | 37 | A | 67 | B |
| 8 | C | 38 | C | 68 | C |
| 9 | B | 39 | D | 69 | B |
| 10 | C | 40 | B | 70 | C |
| 11 | D | 41 | D | 71 | B |
| 12 | C | 42 | A | 72 | C |
| 13 | B | 43 | C | 73 | B |
| 14 | A | 44 | A | 74 | A |
| 15 | C | 45 | B | 75 | A |
| 16 | B | 46 | D | 76 | A |
| 17 | D | 47 | B | 77 | A |
| 18 | C | 48 | C | 78 | B |
| 19 | A | 49 | B | 79 | A |
| 20 | C | 50 | A | 80 | A |
| 21 | C | 51 | B | 81 | B |
| 22 | B | 52 | C | 82 | C |
| 23 | A | 53 | A | 83 | D |
| 24 | C | 54 | B | 84 | C |
| 25 | B | 55 | D | 85 | C |
| 26 | D | 56 | A | 86 | C |
| 27 | C | 57 | B | 87 | B |
| 28 | B | 58 | B | 88 | C |
| 29 | B | 59 | B | 89 | A |
| 30 | B | 60 | B | 90 | B |

## ભાગ – બ

## કુલ પ્રશ્નો : 120 કુલ ગુણ 120

**જવાબવહી (Answer Key Set B)**

| પ્રશ્ન નં. | સાચો જવાબ | પ્રશ્ન નં. | સાચો જવાબ | પ્રશ્ન નં. | સાચો જવાબ | પ્રશ્ન નં. | સાચો જવાબ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | A | 31 | B | 61 | B | 91 | B |
| 2 | A | 32 | D | 62 | C | 92 | C |
| 3 | D | 33 | B | 63 | A | 93 | A |
| 4 | A | 34 | C | 64 | B | 94 | C |
| 5 | A | 35 | B | 65 | B | 95 | B |
| 6 | B | 36 | D | 66 | D | 96 | D |
| 7 | A | 37 | B | 67 | A | 97 | B |
| 8 | A | 38 | B | 68 | B | 98 | D |
| 9 | C | 39 | C | 69 | D | 99 | A |
| 10 | A | 40 | B | 70 | B | 100 | B |
| 11 | C | 41 | A | 71 | B | 101 | C |
| 12 | B | 42 | C | 72 | C | 102 | B |
| 13 | A | 43 | B | 73 | B | 103 | D |
| 14 | B | 44 | D | 74 | B | 104 | B |
| 15 | C | 45 | B | 75 | C | 105 | A |
| 16 | D | 46 | A | 76 | B | 106 | B |
| 17 | A | 47 | C | 77 | A | 107 | C |
| 18 | B | 48 | B | 78 | D | 108 | B |
| 19 | C | 49 | D | 79 | C | 109 | B |
| 20 | B | 50 | A | 80 | B | 110 | D |
| 21 | B | 51 | B | 81 | A | 111 | C |
| 22 | B | 52 | C | 82 | B | 112 | B |
| 23 | D | 53 | C | 83 | D | 113 | B |
| 24 | C | 54 | B | 84 | C | 114 | D |
| 25 | A | 55 | D | 85 | B | 115 | A |
| 26 | B | 56 | C | 86 | A | 116 | B |
| 27 | C | 57 | B | 87 | B | 117 | C |
| 28 | B | 58 | A | 88 | D | 118 | A |
| 29 | D | 59 | B | 89 | B | 119 | C |
| 30 | B | 60 | D | 90 | D | 120 | B |